
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગામડા કરતાં શહેરમાં અપરણિત અવસ્થા વધુ

સેન્સસ ગણતરીના અહેવાલોએ સ્પષ્ટ કર્યું છે કે ગુજરાતના ઘર પરિવારોમાં પરણિત જોડાની ગેરહાજરીનું પ્રમાણ વધ્યું છે. ૧૯૯૧ અને ૨૦૦૧ પછી આવેલા ૨૦૧૧ના સેન્સસ અહેવાલ મુજબ ગુજરાતના ૧ કરોડ ૨૧ લાખ ૮૧ હજાર ઘર પરિવારોમાંથી ૧૧ ટકા પરિવારોના ઘરમાં પરણિત દંપતિ જ નથી. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ ટકા પરિવારો અને શહેરી વિસ્તારોમાં ૧૨ ટકા પરિવારોમાં પરણિત સંતાનો (દંપતિ) નહીં હોવાની સ્થિતિ છે.

જો આપણે આંકડાકીય દ્દષ્ટિએ જોઈએ તો આ સ્થિતિ છે પરંતુ સામાજિક દ્દષ્ટિએ જોઈએ તો આ એક સમસ્યા છે. અહીં એક એ બાબત પણ નોંધવા જેવી છે કે આજે દરેક જ્ઞાતિ-કુટુંબમાં લગ્ન માટે દિકરી હોય કે દિકરો હોય પાત્ર મેળવવાની સમસ્યા છે. એમાં પણ છોકરા માટે કન્યા શોધવી એ તો વધુ સમસ્યા છે. કારણ સ્પષ્ટ છે જે ત્રણ દાયકા દરમિયાન ગર્ભમાં જ બાળકી હોવાની જાણ થતા ભ્રૂણ હત્યા કરી નાંખતા સમાજમાં એક દિવસ આ સ્થિતિ આવવાની જ હોય. આ તો પેલા ભૌતિક વિજ્ઞાનના નિયમ જેવું છે આઘાત સામે પ્રત્યાઘાત હોય જ. શુધ્ધ વિજ્ઞાનની આ વાત સમાજવિજ્ઞાન માટે થોડી મોડી પણ સાચી પડી છે. સ્ત્રી ભ્રૂણ હત્યાનો આઘાત બહુ મોટી સામાજિક સમસ્યાના પ્રતિઘાતમાં પરિણમે લો હવે દેખા દે છે. આપણે જોયું કે સરેરાશ ગુજરાતની




## સેન્સસ દર્શાવે છે લોકચર્ચા કરતાં ઉલ્ટી ગંગા

જ્યારે ગ્રામીણ ગુજરાત અને શહેરી ગુજરાતના સંદર્ભે ચર્ચા કરીએ તો પરિણિત દંપતિઓ ના હોય એવા પરિવારો ગ્રામીણ વિસ્તારમાં ૧૦ ટકા છે. જ્યારે શહેરી વિસ્તારોમાં એનું પ્રમાણ ૧૨ ટકા છે. આ સ્થિતિ બીજી બે ત્રણ બાબતો તરફ અંગુલિનિર્દેશ કરે છે. સામાન્ય રીતે જ્યારે લગ્નના સંદર્ભમાં એવી સ્થિતિ છે કે ગામડામાં રહેતા યુવાનોને કન્યા મળતી નથી. શહેરી જીવનને પ્રાધાન્ય આપવાની યુવતીઓની ઈચ્છાઓના કારણે ગામડાના યુવાનને કન્યા મળતી ન હોવાનું પણ એક મહત્વનું કારણ છે. આ ઉપરાંત અન્ય સામાજિક કારણો પણ છે જેમકે ગ્રામીણ વિસ્તારમાં પરણીને જવું એટલે પરંપરાગત ધંધા-વ્યવસાય, રિત-રિવાજ, સંયુક્ત કુટુંબ વગેરેની આસપાસ ગૂંથાયેલી સમાજવ્યવસ્થા. ગ્રામીણ સમાજ વ્યવસ્થામાં 'સ્ત્રી'ને મુક્ત જીવનની હળવાશ હોતી નથી આથી પણ ગ્રામીણ યુવાનને કન્યા મળતી નથી. પરંતુ આ આખી બાબતમાં અનુભવજન્ય અથવા તો કર્ણોપકર્ણ થતી વાતચીતમાં સ્થિતિ આવી હોવાનું ચર્ચાય છે. સમાજના વિવિધ જ્ઞાતિ-સમુદાયોમાં ગ્રામીણ યુવાનને કન્યા નથી મળતી એ એક સમસ્યાનો સ્વીકાર થાય છે. પરંતુ સેન્સસ ૨૦૧૧ના આંકડા જરા જુદી સ્થિતિ દર્શાવે છે. સેન્સસ રિપોર્ટ અનુસાર પરણિત દંપતિ ઓછા હોય એવા પરિવારો ગ્રામીણ ગુજરાતમાં શહેરી ગુજરાત કરતાં ૨ ટકા જેટલા ઓછા છે. જેથી એમ કહી શકાય કે પરણિત થઈ શકવાની પાત્રતા હોવા છતાં પણ અપરણિતની સ્થિતિ ગામડાં કરતા શહેરમાં વધુ છે. શહેરી ગુજરાતની આ સ્થિતિની આપણે સામાજિક દ્દષ્ટિકોણથી ચર્ચા કરવી જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેપર લીક પ્રકરણે સાત શંકાના દાયરામાં

## આ કેસનું ઇન્વેસ્ટિગેશન કરતી પોલીસ આરોપીઓથી હાથવેંત દૂર

ગાંધીનગર તા ૨

રાજયભરમાં ચકચાર મચાવનાર લોકરક્ષકના પેપર ફૂટવાના મામલાની સમગ્ર તપાસ ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ટીમો તથા સીઆઇડી ક્રાઇમ, એટીએસ, સાઇબર ક્રાઇમ તથા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ દ્વારા સંયુક્તરીતે કરવામાં આવી રહી છે ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ પેપર લીક પ્રકરણ પાછળ સાતેક વ્યક્તિઓનો હાથ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે. આ આરોપીઓ ઇન્વેસ્ટિગેશન કરતી પોલીસની ટીમોથી હાથ વેંત દૂર હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ગણતરીના કલાકોમાં આ સમગ્ર કાંડના મુખ્ય સૂત્રધારો સહિત તમામ ભેજાબાજોને પકડીને પોલીસ ગુનાનો પર્દાફાસ કરે તેવી શક્યતા છે.

# એલડીઆરપી કોલેજ બહાર ઉમેદવારો પર પોલીસનો લાઠીચાર્જ



દૂર-દૂરથી ઉમેદવારો તેમના વાલીઓને લઈને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવા પહોંચ્યા હતા ત્યારે અચાનક પેપર લીક થયા બાદ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરીક્ષા રદ ના સમાચાર બાદ પોણા નવ લાખ ઉમેદવારો અને તેમના વાલીઓ રોષે ભરાયા હતા અને સરકાર પર આ મામલે માછલા ધોયા હતા. ઠેરઠેર અરાજકતાનો માહોલ સર્જાયો હતો ત્યારે ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ખાતે આવેલી એલડીઆરપી કોલેજની બહાર ઉમેદવારો અને તેમના વાલીઓએ હોબાળો કરતા મામલો ઉગ્ર બન્યો હતો. સમજાવવા છતાં ઉમેદવારો અને વાલીઓએ જગ્યા ના છોડતા આખરે પોલીસે ઉમેદવારો અને વાલીઓ ઉપર લાઠીઓ ઉગામી હતી અને લાઠીચાર્જ કર્યા બાદ ટોળું વિખેર્યું હતું. દેખાવો કરતા કેટલાંક વાલીઓ અને ઉમેદવારોને પોલીસે ડીટેઈન પણ કરી લીધા હતા. પોલીસના લાઠીચાર્જ બાદ ટોળું વિખેરાયું હતું અને એસટી ડેપોમાં પહોંચ્યુ હતુ.

## ઠેર-ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા

લોકરક્ષકની પરીક્ષા રદ થયા બાદ ઉમેદવારો એકસાથે તમામ કેન્દ્રો પરથી છૂટા થયા બાદ ઠેરઠેર અરાજકતાનો માહોલ સર્જાયો હતો. ગાંધીનગર એસટી ડેપો સહિત તમામ કેન્દ્રોની બહાર તથા મુખ્ય માર્ગો ઘ અને ચ માર્ગ ઉપર અને ગાંધીનગર-સરખેજ હાઈવે તથા ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ હાઈવે ઉપર કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. એપોલો સર્કલ પર દોઢ કલાક સુધી જામ રહ્યો હતો.

# પરીક્ષા રદ થતાં રાજ્યભરમાં ઉમેદવારોમાં ભારે આક્રોશ

## ખાધા-પીધા વગર ચાર વાગ્યાના નીકળ્યા હતા પરીક્ષા આપવા, ૧ હજારનો ખર્ચ : ઉમેદવારોનો ગુસ્સો : કોલ લેટર સળગાવ્યા

ગાંધીનગર,તા.૨

લોકરક્ષક દળની પરીક્ષાનું પેપર લીક થતા સૌરાષ્ટ્રમાં પરીક્ષા કેન્દ્રો પર પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઢવી દેવામાં આવ્યો છે. ઉમેદવારો નિરાશા સાથે પરત ફરી રહ્યા હોય તેવા દ્રશ્યો પરીક્ષા કેન્દ્રો પર જોવા મળ્યા હતા. એક ઉમેદવારે પોતાનો બળાપો વ્યક્ત જણાવ્યું હતું કે, સવારે ચાર વાગ્યાના ઉઠીને ખાધા-પીધા વગર રાજ્યભરમાં વિવિધ કેન્દ્રો પર પરીક્ષા આપવા નીકળ્યા હતા. પરીક્ષા આપવા માટે ૧ હજાર જેટલો ખર્ચ થઈ ગયો છે છતાં પરીક્ષા તો ન જ અપાઈ. આ પરીક્ષા માટે મે ચાર મહિનાથી તૈયારી કરી રાખી હતી.

પરીક્ષા રદ થતાં જ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવા આવેલા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી હતી. જો કે પરિસ્થિતિને અનુલક્ષીને ભાવનગર જિલ્લા વહીવટી તંત્રની સુચના મુજબ ભાવનગર પોલીસ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# પેપર લીક કરનાર સુધી પહોંચવા પોલીસે વિવિધ ટીમો બનાવી

## ડીજીપીએ ગાંધીનગર એસપી ઓફિસ ખાતે તમામ ટીમોના વડા સાથે લાંબી બેઠક કરી

લોક રક્ષક નું પેપર લીક કરનાર સુધી પહોંચવા રાજ્યના પોલીસ વડાએ વિવિધ ટીમો બનાવી છે. ગાંધીનગર એસપી ઓફિસ ખાતે ડીજીપીએ તમામ ટીમોના વડા સાથે લાંબી બેઠક યોજી હતી. અમદાવાદ ક્રાઈમ, એન્ટી ટેરરિસ્ટ સ્કવોર્ડ, સીઆઈડી ક્રાઈમ, સાઈબર ક્રાઈમ અને ગાંધીનગર જિલ્લા પોલીસના વડાઓ સાથે બેઠક યોજીને પેપર લીક કરનારને પકડવા કવાયત તેજ કરી છે. તમામ જિલ્લાની એસ.ઓ.જી.ને પણ આ કામમાં લગાડી દેવામાં આવી છે. ટૂંક જ સમયમાં આરોપીઓ સુધી પહોંચી જવાની તૈયારી પણ દર્શાવવામાં આવી છે. રાજ્યના પોલીસ વડાએ જણાવ્યુ છે કે આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પેપર લીક કરનારા અસામાજીક તત્વોને કડકમાં કડક સજા થાય તે પ્રકારની કલમો આ ફરિયાદમાં દાખલ કરવામાં આવી છે.

# અસરગ્રસ્ત ૪૫ તાલુકાઓમાં કૃષિ ઈનપુટ સહાય મેળવવા ૩૧મી સુધીમાં અરજી કરી શકાશે

ગાંધીનગર, તા.૨

રાજયના અસરગ્રસ્ત ૪૫ તાલુકાઓને કૃષિ ઈનપુટની સહાય આપવા અંગેની નીતિની વિધિવત ઘોષણા રાજય સરકારે કરી દીધી છે. રાજયના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે આ માટે સંબંધિત તાલુકાના ખેડૂતોએ ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં તેમની અરજી આપી દેવાની રહેશે.

આ અરજીઓ સાથે ૭/૧૨ની તેમજ ૮-અની નકલો, બેંક પાસબુકની ઝેરોક્ષ કોપી સહિત નિયત નમુનામાં કરવાની રહેશે આ અરજીઓ મળ્યા પછી તે જિલ્લા કક્ષાએ જશે અને જિલ્લા કક્ષાએ ચકાસણીને અંતે સરકારમાં મોકલાશે તે પછી આ સહાયની ચુકવણી કરવામાં આવશે.

રાજય સરકારે આ માટે ૪૫ તાલુકાને ત્રણ ભાગમાં વિભાજીત કરેલા છે. જિલ્લાના કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકાનો આમાં સમાવેશ થાય છે.

૨૦૧૮-૧૯ના વર્ષમાં ખરીફ ઋતુમાં ઓછા વરસાદને કારણે ઉદભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ રાજય સરકારે ૧૧ જિલ્લાના ૫૧ તાલુકાઓ કે જેમાં ૩૫૦ મી.મી. કરતાં વધુ વરસાદ નોંધાયો હોય તેવા વિસ્તારમાં પણ પાક પરિસ્થિતિ સારી ન હોઈ ખેડૂતોને થયેલા નુકશાનને ધ્યાને લઈ તે વિસ્તારના ખેડૂતોને રાહત આપવા માટેનો નિર્ણય કર્યો હતો.

૨૦૧૮માં ૨૫૦થી ૩૦૦ મી.મી. વરસાદ ૧૪ તાલુકામાં ૩૦૧થી ૩૫૦ મી.મી. વરસાદ ૧૨ તાલુકામાં અને ૩૫૧થી ૪૦૦ મી.મી. વરસાદ ધરાવતા ૧૯

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાનો કાનૂની જંગ આગળ ધપશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના કાનૂની જંગની લડાઈ આજે આગળ ધપશે. મનપાના નવા હોદ્દેદારો માટે હજુ રાહ જોવી પડશે કે આ સપ્તાહમાં ચુકાદો આવે છે તે ચિત્ર આજની સુનાવણીમાં સ્પષ્ટ થઈ જશે.

કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટ દ્વારા તેના મતાધિકારની રક્ષા માટે દાદ માંગતી અરજીની સુનાવણી સાથે કોર્ટમાં ચારેય જુદી જુદી અરજીઓ પરની સુનાવણી આગળ ધપશે.

ગાંધીનગર મનપાની સભામાં ૫ મી નવેમ્બરના રોજ નવા પદાધિકારીઓની નિયુક્તી અંગેની ચૂંટણી સંપન્ન કરવામાં આવી હતી. મેયરની મુદત પૂર્ણ થયાને એક મહિનો થવા આવ્યો છે જે નોંધનીય છે.

# છત્તીસગઢના પંચાયતી રાજના ૪૦ પદાધિકારીઓ વાવોલ, અડાલજ અને ગાંધીનગરની મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૨

છત્તીસગઢ તરફથી ૪૦ જેટલા પંચાયતી રાજના પદાધિકારીઓ તા. ૩ થી ૭ ડિસેમ્બર દરમ્યાન રાજ્યના અને ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

રાજ્યની મુલાકાતે આવતુ આ પ્રતિનિધિ મંડળ તા. ૪ ના રોજ વિધાનસભા સંકુલ, ઈ.ગ્રામ સેન્ટર તેમજ ઈ.ગ્રામ પંચાયત વાવોલની મુલાકાત લેશે. આ પછી અડાલજની પ્રસિદ્ધ વાવની પણ વિશેષ મુલાકાત લેનાર છે.

વાવોલ ખાતે ઈ.ગ્રામ પંચાયતની મુલાકાત લઈ તેઓ પંચાયતી રાજ વ્યવસ્થામાં ઈ.ગર્વનન્સ પદ્ધતિનો અભ્યાસ કરશે એટલુ જ નહિ આ મુદ્દે ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે ગ્રામજનો અને તંત્રના અધિકારીઓ સાથે ગોષ્ઠી પણ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ પછી ટીમ ખેડા-આણંદ જિલ્લાના પ્રવાસે જનાર છે. આ પછી એક દિવસ સાબરકાંઠા જિલ્લાના દરામલીની પણ મુલાકાત લેશે તેમજ એનિમલ હોસ્ટેલની પણ મુલાકાત લેનાર છે.

ટીમ ૭મી ડિસેમ્બરે પુનઃ ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવશે જ્યાં એન્વાયરમેન્ટ સેનીટેશન ઈન્સ્ટીટ્યુટ સુઘડની મુલાકાત લેશે. આ ટીમ સુઘડ પંચાયત ઘર તેમજ આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લે તેવી સંભાવનાઓ છે. આ પછી ટીમ ગાંધીનગર આવશે અને મહાત્મા મંદિર ખાતે દાંડીકુટિરની મુલાકાતે જશે.

રાજ્યની મુલાકાતે એક સપ્તાહ સુધી છત્તીસગઢની ટીમ આવી રહી હોવાથી આ અંગેની તૈયારીઓ ચાલી રહી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા આ અંગેનું સંકલન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# રામ મંદિર અયોધ્યામાં બનવું જોઈએ : બાબા રામદેવ

## રામમંદિરને લઇ હવે લોકોની ધીરજ ખૂટી રહી છે : અમદાવાદની મુલાકાત દરમ્યાન બાબા રામદેવની દેશના રાજનેતાઓને રાજધર્મ નિભાવવા માટે વિધિવત અપીલ

અમદાવાદ,તા. ૨

યોગગુરૂ બાબા રામદેવ આજે એક કાર્યક્રમના ભાગરૂપે રામદેવે જણાવ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિરને લઈને હવે લોકોની ધીરજ ખૂટી રહી છે.



અમદાવાદની મુલાકાતે હતા ત્યારે ફરી એકવાર મીડિયા સાથેની વાતચીતમાં તેમણે રામમંદિરના નિર્માણનો પુનરોચ્ચાર કર્યો હતો. રામ મંદિર વિશે વાત કરતા બાબા રામ મંદિર અયોધ્યામાં જ બનવું જોઈએ. જો રામ મંદિર અત્યારે નહીં બને તો ક્યારેય નહીં બને. યુપીમાં યોગી રાજ છે અને

● અનુસંધાન પાન-૭ પર

સ્ટાફ જોઇએ છે

૧. આસિસ્ટન્ટ ડોક્ટર (આયુર્વેદ/હોમિયોપેથ/MBBS)-૧
૨. સ્ટાફ નર્સ (મેઇલ/ફિમેલ-૧
૩. પ્યુન/હેલ્પર-૧

(ત્રણેય પોસ્ટ માટે ઉંમર મર્યાદા ૩૫ વર્ષ સુધીની છે, દિન સાતમાં આ સરનામે અરજી કરવી.)

ડો. કિરીટ એસ. પટેલ
૨૦૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર
મોબાઇલ- ૯૭૧૨૩૦૩૫૬૦ ● લેન્ડલાઇન- ૨૩૨૧૨૨૮૯

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com